# યાત્રાધામ શામળાજીમાં એચડીએફસી બેંકના એટીએમમાં એસીમાં બ્લાસ્ટથી આગ લાગતા અફડાતફડી

શામળાજી, તા. ૧

સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં આવેલા એચડીએફસી બેંકના એટીએમમાં રહેલા એસીમાં શોર્ટસર્કીટ બાદ બ્લાસ્ટ થતા આગ લાગતા ભારે અફડાતફડી મચી હતી. એટીએમ મશીનમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોવા મળતા આજુબાજુ વેપારીઓ દોડી આવ્યા હતા અને આગ પર કાબુ મેળવવા પ્રયત્ન હાથ ધર્યા હતા, સદનસીબે ટેક્નિકલ ક્ષતિના પગલે બે દિવસથી એટીએમ મશીન બંધ હોવાથી જાનહાની ટળી હતી. એચડીએફસી બેંકના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા એટીએમમાં આગ લાગતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા.

શામળાજી બસ સ્ટેન્ડ પાછળ આવેલા કોમ્પ્લેક્ષમાં રહેલા એચડીએફસી બેંકના બંધ એટીએમમાં રવિવારે બપોરે શોર્ટસર્કીટથી એસી બ્લાસ્ટ થવાની સાથે આગ લાગતા ધુમાડાના ગોટેગોટા નીકળતા આજુબાજુના વેપારીઓમાં અફડાતફડી મચી હતી. એટીએમ મશીનમાં આગ લાગતા રૂમમાં રહેલ ફર્નિચર, એસી સહીત વાયરીંગ બળીને ખાખ થઈ ગયું હતું. લોકોએ એટીએમ મશીનમાં લાગેલી આગ પર કાબુ મેળવતા એટીએમ મશીન આગમાં ખાખ થતું બચી ગયું હતું. વેપારીઓની સમયસૂચકતાના પગલે એટીએમમાં લાગેલી આગ અન્ય દુકાનોમાં પ્રસરે તે પહેલા મોટી જાનહાની ટળી હતી.




# ભિલોડાના વેજપુર ગામના ઈસમને કિશનગઢ ગામ પાસે સામાન્ય બોલાચાલી દરમિયાન મામલો ગરમાયો

ભિલોડા તાલુકાના વેજપુર ગામનો ઈસમ કિશનગઢ ગામ તરફ જઈ રહ્યો હોઈ તે દરમ્યાન સામાન્ય બાબત સંદર્ભે વાતચીત દરમ્યાન ઉગ્ર બોલાચાલી થયેલ હોઈ ત્યારે ડોડીસરા ગામના ઈસમે બિભત્સ અપશબ્દો બોલતા મામલો ગરમાયો હતો.ઝપાઝપી દરમ્યાન ચપ્પુ મારીને જાનથી મારી નાખવાની ધમકી આપતા મામલો ગરમાયો હતો.

વેજપુર ગામના ચેતન પાંડોર તેઓના ઘરેથી નીકળી કિશનગઢ ગામ તરફ જતા હોઈ તે અરસામાં રસ્તા પર ડોડીસરા ગામના સુંદર ખરાડી સાથે સામાન્ય બાબત સંદર્ભે બોલાચાલી દરમ્યાન આવેશમાં આવી બિભત્સ અપશબ્દો બોલતા ઉશ્કેરાટ દરમ્યાન ઝપાઝપી કરતા મામલો ગરમાયો હતો. ડોડીસરા ગામના ઈસમેએ ચેતન તેઓની ગાડીમાં બેસવા જતા ત્યારે તેની પીઠના પાછળના ભાગે ચપ્પુ મારીને ઈજાઓ પહોંચાડી સાથે સાથે મારી નાખવાની ધમકી આપતા મામલો ગરમાયો હતો.

# મોડાસા રૂરલ પોલીસે રાજેન્દ્રનગર ચોકડી પરથી ૪૧૬ કિલો ચાંદી સાથે રાજકોટના બે શખ્સો ઝડપ્યા

મોડાસા, તા. ૧

અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ બુટલેગરો માટે સિલ્ક રૂટ તરીકે જાણીતો છે, આ માર્ગે હવે ચાંદીનો ગેરકાયદેસર જથ્થો ઘુસાડવા ઉપયોગમાં લેવામાં આવતા ખરા અર્થમાં સિલ્કરૂટ બન્યો હોય તેમ મોડાસા રૂરલ પોલીસે રાજેન્દ્રનગર ચોકડી પરથી પસાર થતી કારમાંથી ૪૧૬.૦૪૫ કિલો ૨.૨૪ કરોડ રૂપિયાની ચાંદીનો જથ્થો ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ૪૧૬ કિલો ચાંદી આગ્રાથી રાજકોટ લઈ જવામાં આવી રહી હોવાનું પ્રાથમિક પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું. પોલીસે ચાંદીની ખેપ મારનાર શખ્સોને બિલ માંગતા બિલ રજુ ન કરી શકતા તેમજ ચોરી કરી કે પછી છળ કપટથી ૪૧૬ કિલો ચાંદીના જથ્થાને સગેવગે કરવામાં આવી રહી હોવાના શકના આધારે પોલીસે ચાંદીના જથ્થાને સીલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



દિવાળી પર્વને લઈને એસપી સંજય ખરાત અને ડીવાયએસપી ભરત બસીયાની સૂચના અને માર્ગદર્શન હેઠળ મોડાસા રૂરલ પીઆઈ સી.પી. વાઘેલા અને તેમની ટીમે અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર આવેલી રાજેન્દ્રનગર ચોકડી પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું ચેકીંગ હાથ ધર્યુ હતું. પીઆઈ સી.પી. વાઘેલા અને તેમની ટીમની સતર્કતાથી કારમાં ગુપ્ત ખાના બનાવી સંતાડી રાખેલા ૪૧૬.૦૪૫ કિલો ચાંદીના જથ્થાની હેરાફેરીનો પર્દાફાશ થયો હતો, ચાંદીનો મસમોટો જથ્થો જોઈ પોલીસ પણ ચોકી ઉઠી હતી.

મોડાસા રૂરલ પોલીસે રાજેન્દ્રનગર ચોકડી પર નાકાબંધી કરી વાહનોનું ચેકીંગ હાથ ધરતાં શામળાજી રતનપુર ચેકપોસ્ટ તરફથી શંકાસ્પદ ઝડપ સાથે આવી રહેલી નિશાન સન્ની કાર (ગાડી. નં. જીજે.૦૯.બીઈ.૭૬૭૨)ને અટકાવી કારચાલક રાજકોટના ધર્મેન્દ્ર ખેંગારભાઈ ખોડિયા અને



વીજય જદુરામ દાણીધારીયા નામના શખ્સની પૂછપરછ કરતા થોથવાઈ જતા પીઆઈ સી.પી. વાઘેલા તેમને કાર સાથે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને લઈ આવી સઘન પૂછપરછ કરતા કારમાં સીટ નીચે ગુપ્ત ખાનામાં કોથળામાં ચાંદી હોવાનું જણાવતા પોલીસે સીટ નીચે તલાસી લેતા ગુપ્ત ખાનામાંથી પ્લાસ્ટિકના કોથળાઓમાંથી ચાંદીની પ્લેટો અને દાગીનાનો ૪૧૬.૦૪૫ કિલો કીં. રૂ.૨૨૪૩૨૮૧૮ જથ્થો મળી આવતા પોલીસે આ અંગે બંને શખ્સોને બીલ રજુ કરવા જણાવતા બિલ કે આધાર પુરાવા રજુ ન કરી શકતા પોલીસને ચાંદીનો જથ્થો ચોરી કરેલ કે છળ કપટથી મેળવી હેરાફેરી થતી હોવાનું પ્રાથમિક તપાસમાં જણાતા રૂરલ પોલીસે ધર્મેન્દ્ર ખેંગારભાઈ ખોડિયા (બ્રાહ્મણ) (રહે. ન્યુ મેઘાણીનગર શેરી નં-૧૧, રાજકોટ) અને વિજય જદુરામ દાણીધારીયા(બાવાજી) (રહે. માર્કેટયાર્ડની પાછળ, મંછાનગર, બાદરછાપીરની બાજુમાં, રાજકોટ)ની અટકાયત કરી ચાંદીના જથ્થાને સીલ કરી આરોપીઓ પાસેથી મળી આવેલ રોકડ રકમ ૧૩૯૭૦, મોબાઈલ નંગ-૨ કીં. રૂ.૬૦૦૦ તથા કારની કીં. રૂ.૨૦૦૦૦૦ મળી કુલ રૂ. ૨૨૬૬૩૭૮૮ નો મુદ્દામાલ જપ્ત કરી બંને શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# મોરબીમાં કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ હાર્દિક પટેલે ભાજપ પર કર્યા આકરા પ્રહાર

મોરબી,તા.૧

મોરબી વિધાનસભા બેઠક પર કોંગ્રેસે ચૂંટણી પ્રચારનો ધમધમાટ શરૂ કર્યો છે. ત્યારે જૂના ઘાટીલા ગામે કોંગ્રેસ દ્વારા ચૂંટણીસભાનું આયોજન કરવામાં આવ્યુ.. જેમા કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ હાર્દિક પટેલે ભાજપ પર આકરા પ્રહાર કરતા જણાવ્યુ હતુ કે, ભાજપ ખેડૂતોના પ્રશ્નો સાંભળતી નથી. ખેડૂતોને ભાજપની સરકારમાં ટેકાના ભાવ યોગ્ય મળતા નથી. ત્યારે આ મામલે કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ હાર્દિક પટેલે વધુમાં જણાવ્યુ હતુ કે, પક્ષપલટુને મત આપતા પહેલા મતદાતા વિચાર કરે.. તો હાર્દિક પટેલે નાયબ મુખ્ય પ્રધાન પર મોરબીના સીરામીક ઉદ્યોગકારોને ધમકાવ્યા હોવાનો પણ આક્ષેપ કર્યો હતો.

# પાલનપુરમાં પાણીની ટાંકીમાંથી હજારો લીટર પાણી વેડફાયુ



પાલનપુર, તા. ૧

પાલનપુર નગરપાલિકા દ્વારા તિરૂપતિ રાજનગરથી નેશનલ હાઈવે પરના માર્ગ ઉપર પાણીની ટાંકી બનાવી છે.જેમાં વાલ્વ લીકેજ હોવાના કારણે પાણીનો બગાડ થઈ રહ્યો છે.તો પાલિકા દ્વારા વાલ્વ રીપેરીંગ કરાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

સરકાર પાણીનો બગાડ કરનાર સામે પગલા લેવાની મસમોટી વાતો કરતી હોય છે. તેમજ આગામી દિવસોમાં તો પાલીકા દ્વારા લોકોના ઘર પર પાણીના મિટરો લગાવવાની પ્રક્રીયા ચાલી રહી છે. જેથી સરકાર પાણીનો કેવી રીતે બચાવ કરી યોગ્ય જગ્યા પર ઉપયોગી કરી શકાય તે અંગેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

ત્યારે પાલનપુર નગરપાલિકા દ્વારા હાઈવે સ્થિત આવેલ સોસાયટીના રહીશોને ધરોઈ આધારીત પાણી મળી રહે તે માટે પાણીની ટાંકી બનાવવામાં આવી છે. પરંતુ આ ટાંકીઓ વાલ્વ લિકેજ હોવાના દિવસ દરમીયાન હજારો લીટર પાણીનો બગાડ થઈ રહ્યો છે. તો પાલિકા દ્વારા ટાંકીના વાલ્વનું રીપેરીંગ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# કરજણની પેટા ચૂંટણી જીતવા ભાજપ કેશુભાઇના સહારે

કરજણ,તા.૧

રાજ્યમાં પેટાચૂંટણી જીતવા અંતરગર્ત સત્તાધારી પક્ષે એડી ચોટીનું જોર લગાવ્યું છે. ઉલ્લેખનીય છે કે કરજણ વિધાનસભાની પેટા ચૂંટણી જીતવા હવે ભાજપે પક્ષના ભીષ્મ પિતામહ કેશુભાઈ પટેલનો સહારો લીધો છે. નોંધપાત્ર છે કે પૂર્વ સીએમ કેશુભાઈ પટેલના નિધન બાદ ભાજપ હવે કરજણ વિધાનસભાના દરેક શક્તિ કેન્દ્રમાં કેશુભાઈના પોસ્ટર મુકશે. ઉલ્લેખનીય છે કે કરજણ ભાજપના કાર્યાલય ખાતે કેશુબાપાના ૧૦૦ કટ આઉટ સાથેના પોસ્ટર્સ લગાવ્યા છે.




## ધાનેરાના અંબાજી મંદિર ખાતે માતાજીની આરતી કરી

દર વર્ષે ધાનેરાના અંબાજી મંદિર ખાતે અંબાજી નવયુવક ના આયોજક જયેશભાઈ સોલંકી સહિત તેમની ટિમ દવરા ભવ્ય ગરબા નું આયોજન કરવામાં આવે છે પરંતુ આ વખતે કોરોના ને લઈ ગરબા નું આયોજન મોકૂફ રાખવામાં આવ્યું હતું પરંતુ નવ દિવસ સુધી માતાજી ની પૂજા અર્ચના અને આરતી કરવામાં આવતી હતી ત્યારેનવરાત્રી ના છેલ્લા દિવસે માતાજી ની આરતી કર્યા બાદ ગરબા નું આયોજન કરવામાં આવ્યું જેમાં ૧૧ બહેનો પોતાના માથા ઉપર માતાજી ના ગરબી ઉપાડી ગરબે રમી હતી વર્ષો જૂની પરંપરા જળવાઈ રહે અને ગરબાનું આયોજન ખંડિત ન થાય તે માટે આ ગરબા નું આયોજન કરવામાં આવ્યું હતું.

# દિલ્હીથી ૯૬ વિદેશી દારૂની બોટલ કારમાં અમદાવાદ ડીલેવરી આપવા જતા બુટલેગરને પોલીસે દબોચ્યો

રાજ્યમાં દારૂબંધીના કડક કાયદાની વાતો વચ્ચે પરપ્રાંતમાંથી દરરોજ મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ગુજરાતમાં ઘુસાડવામાં આવી રહ્યો છે. વિદેશી દારૂના વેપલા અને હેરાફેરીમાં રહેલી આંધળી કમાણીને પગલે બેરોજગાર યુવાનો બુટલેગર બની રહ્યા છે. પોલીસ બાતમીદારોને સક્રિય કરી દારૂની હેરાફેરી કરતા શખ્સોને દબોચી રહી છે. શામળાજી રતનપુર ચેકપોસ્ટ પરથી વિદેશી દારૂ અને માદક પદાર્થોની હેરાફેરી કરવામાં આવે છે. મોડાસા રૂરલ પોલીસે અમદાવાદ-ઉદેપુર હાઈવે પર આવેલી રાજેન્દ્રનગર ચોકડી પાસેથી કરોડો રૂપિયાની ચાંદી ઝડપ્યાના ગણતરીના કલાકોમા કારમાં દિલ્હીથી અમદાવાદ ઘુસાડવામાં આવી રહેલ ૪૮ હજારની ૯૬ વિદેશી દારૂની બોટલ સાથે દિલ્હીના યુવાનની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.



મોડાસા રૂરલ ઇન્ચાર્જ પીઆઈ સી.પી. વાઘેલા અને તેમની ટીમે ને.હા.નં-૮ પર આવેલ રાજેન્દ્રનગર ચોકડી પર રાજસ્થાનથી આવતા વાહનોનું સઘન ચેકીંગ કરી રહી છે ત્યારે સફેદ કલરની હોન્ડા સીટી કારમાં વિદેશી દારૂની ખેપ થઈ રહી હોવાની બાતમી મળતા હાઈવે પર બેરિકેડ ગોઠવી દઈ નાકાબંધી કરી હતી, બાતમી આધારિત હોન્ડા સીટી કાર (ગાડી.નં. ડીએલ.૩.સીએએ. ૭૧૯૦) પસાર થતા કોર્ડન કરી કારને અટકાવી તલાસી લેતા કારમાં શીટ નીચેથી પાછળની ડેકી સુધી ટનલ જેવું ગુપ્ત ખાનું મળી આવ્યું હતું, પોલીસે ગુપ્ત ખાનામાંથી વિદેશી દારૂની બોટલ ૯૬ રૂ.૪૮ હજારનો જથ્થો મળી આવતા કાર ચાલક પ્રવીણ સરવણકુમાર શર્મા (રહે. બુદ્ધવિહાર ફેજ-૨, શર્મા કોલોની, ન્યુ દિલ્હી)ને ઝડપી પાડી વિદેશી દારૂ, મોબાઈલ, કાર મળી કુલ ૪.૫૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કારચાલક વિરુદ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રાંતિજમાં ''મેના-માધવ'' અન્નદાન કેન્દ્રના સ્થાપક હીરાભાઇ પટેલનું ૯૫ વર્ષની ઉંમરે અવસાન

પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે છેલ્લા અગિયાર વર્ષથી ''મેના માધવ'' અન્નદાન કેન્દ્ર ચલાવનાર અને નિરાધાર લોકોને અન્નનુદાન કરનાર પરગજુ એવા હીરાભાઇ માધાભાઈ પટેલનું ૯૫ વર્ષની ઉંમરે દુઃખદ અવસાન થયું છે.



પ્રાંતિજ નાનીભાગોળ વિસ્તારમાં ''મેનામાધવ'' અન્નદાન કેન્દ્રના સ્થાપક અને અનેક ગરીબ અને જરૂરીયાતમંદ લોકોનો સહારો બનનાર હીરાભાઇ પટેલે આસોસુદ પૂનમના પવિત્ર દિવસે આ ફાની દુનિયા છોડીને અંતિમ વિદાય લીધી હતી. પ્રાંતિજમાં રહેતા ગરીબ પરિવારો અને ખાસ કરીને વિધવા બહેનોના પરિવારજનોને દર મહિને અનાજ તેમજ રાશન કીટોનું વિતરણ છેલ્લા ૧૧ વર્ષથી કરનાર હીરાભાઇ પટેલ સાચા અર્થમાં ગરીબોના બેલી હતા, તેમની વિદાયના સમાચાર સાંભળતાં અનેક ગરીબ પરિવારો ગમગીન બની ગયા હતા, હીરાકાકાના હુલામણા નામથી ઓળખાતા હીરાભાઇ પટેલ અનેક સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા હતા, શૈક્ષણિક સંકુલો, જનરલ હોસ્પિટલ, વ્યાયામ મંદિર, ગીતામંદિર અને રામદ્વારા જેવી સંસ્થાઓ સાથે તેઓ સક્રિયરીતે સેવાઓ આપી ચુક્યા હતા. પટેલવાસના નાકે તાજેતરમાંજ જેનું નવીનીકરણ થયું છે તેવા વૈશ્ય સુથાર રામજી મંદિરમાં પણ તેમણે રૂપિયા ૧ લાખનું દાન આપ્યું હતું તો પ્રાંતિજમાં રહેતાં વયોવૃધ્ધ લોકોના ઘરે જઇને તેમણે હાથ લાકડીઓનુ વિના-મુલ્યે વિતરણ કરીને અનેક વૃધ્ધોનો સહારો બન્યા હતા. દર મહિને તેમના અન્નદાન કેન્દ્ર ઉપરથી ૧૫૦ જેટલા નિરાધાર અને વિધવા બહેનો અનાજ તેમજ કરીયાણાની કીટોનું દાન મેળવી રહ્યા હતા, તેમના જીવનના કેટલાક વર્ષો અમેરિકામાં જઇને તેમની દીકરીને ત્યાં પસાર કર્યા અને અમેરિકાનું ગ્રીનકાર્ડ પણ મેળવ્યુ હતું. કોરોનાની મહામારીમા પણ તેમણે તેમનું સેવાકાર્ય ચાલુ જ રાખ્યું હતું. મોટી ખેતીની જમીન ધરાવતા હીરાભાઇ અને તેમના પુત્રો અને પોત્રો તેમની જમીનમાં ઉત્પન થતા અનાજ પૈકીનો હિસ્સો વૃધ્ધાશ્રમ તેમજ છાત્રાલયમાં પંહોચાડીને માનવ સેવાનું ઉત્તમ કામ કરી રહ્યા છે, આવા પરગજુ અને સેવાભાવી હીરાકાકાની અંતિમ વિદાયથી નગરજનોમાં તેમજ તેમના સમર્થકોમાં શોકની લાગણી પ્રસરી ગઇ હતી.

# બીમાર મહિલાને પરિવારજનોએ તરછોડી

## પોલીસે પરિવાર બની સારવાર કરાવી : મેઘરજ પોલીસે સારંગપુરની બીમાર મહિલાને સરકારી દવાખાને પહોચાડી

પોલીસમાં માનવતાની લાગણી નથી હોતી એવો આક્ષેપ અવારનવાર કરવામાં આવતો હોય છે, ખાખી વરદી પહેરેલા પોલીસની ઈમેજ સામાન્ય રીતે કડક હોય છે. જોકે ખાખી વરદીની પાછળ માનવતાવાળો ચહેરો પણ છુપાયેલો હોય છે લોકડાઉનમાં કડક અમલવારી સાથે અરવલ્લી જીલ્લામાં ખાખીને સલામ કરવાનું મન થાય તેમ રસ્તે રઝળતા લોકો, માનસિક રીતે બીમાર કે બેઘર લોકો અને જરૂરિયાતમંદ પરિવારો માટે સંવેદના જોવા મળી હતી. સારંગપુર ગામે પરિવાર સાથે રહેતી બીમાર મહિલાને પરિવારજનો મારઝૂડ કરતા અને ઘરેથી કાઢી મુકતા બીમાર મહિલા મેઘરજ પોલીસ સ્ટેશને શરણ લેતા મેઘરજ પોલીસે બીમાર મહિલાને સરકારી દવાખાને સારવાર કરાવી માનવતા મહેકાવી હતી. રામગઢી નજીક આવેલી સારંગપુર ગામની ઘરકામ કરતી મહિલાને તેના પતિ સહીત પુત્ર-પુત્રી અને સાસુ વારંવાર હેરાન-પરેશાન કરતા હોવાની સાથે મારઝૂડ કરી માનસિક ત્રાસ આપવા છતાં મહિલા અગમ્ય કારણોસર સહન કરતા હતા. મહિલા બીમાર થતા તેના પરિવારજનોએ સારવાર કરાવવાના બદલે તું ખરાબ છે કહી મારઝૂડ કરી



ઘરમાંથી કાઢી મુકતા બીમાર મહિલા નિઃસહાય હાલતમાં મુકાઈ હતી. પરિવારજનોના અસહ્ય બનેલા ત્રાસને પગલે મેઘરજ પોલીસ સ્ટેશને અરજી આપવા પહોંચતા પોલીસ સ્ટેશન બહાર પગથિયાં પર બેસી રહેલી મહિલાની પોલીસે પૂછપરછ કરતા મહિલાએ બીમાર હોવાની સાથે તેની આપવીતી જણાવતા મેઘરજ પોલીસે મહિલાની અરજી લઈ સાંત્વના આપી મહિલાને સારવાર કરાવવા સરકારી દવાખાને ખસેડી હતી, સારવાર કરાવી હતી.



## મોડાસા શહેરમાં જાયન્ટસ પરિવાર દ્વારા સરદાર પટેલ જન્મ જયંતિની ઉજવણી

સરદાર પટેલની ૧૪૫મી જન્મ જયંતિ પર દેશભરમાં આજે એકતા દિવસ ઉજવાઈ રહ્યો છે. ત્યારે ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિની ઉજવણી જાયન્ટસ મોડાસા દ્વારા કરવામાં આવી હતી. મોડાસાના શહેરીજનો સાથે રહી મોડાસા જાયન્ટસ દ્વારા ઓધારી તળાવ કિનારે આવેલા સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુને ખાદીની આંટી ફૂલહાર પહેરાવી તેમને કરેલા કામોને આજના યુવાનો તેમાંથી પ્રેરણા લે અને દેશની એકતા અને વિકાસ માટે કામ કરે તેવી અપીલ કરી હતી. આ પ્રસંગે પીપલ્સ ફાઉન્ડેશનના વાઈસ ચેરમેન નીલેશ જોશી, જાયન્ટસ પ્રમુખ નરેન્દ્ર પટેલ, મંત્રી પ્રવીણ પરમાર, ભગીરથ કુમાવત, ધર્મેન્દ્ર ત્રિવેદી, જીમી શાહ તથા નગરપાલિકાના પ્રમુખ નગરસેવકો કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# એસટી બસના ચાલકે માલપુર નજીક ટ્રકને ટક્કર મારતા સર્જાયો અકસ્માત, મુસાફરોનો બચાવ

મોડાસા, તા. ૧

સલામતી સવારી એસટી અમારી સુત્રમાં એસટીને સલામત તરીકે ચિતરવામાં આવી છે, પરંતુ ગુજરાત એસટીના કેટલાક ડ્રાઈવરો સરેઆમ લીરેલીરા ઉડાડી રહ્યા છે, એસટી ડેપોમાં ફરજ બજાવતા અનેક કર્મચારીઓ નશામય હાલતમાં ઝડપાઈ ચુક્યા છે, એસટી બસ ડ્રાઈવર નશાની હાલતમાં બસ હંકારી મુસાફરોના જીવ સંકટમાં મુકતા છાસવારે બનતી ઘટનાઓના પગલે ડેપોમાં કર્મચારીઓએ નશો કર્યો છે કે નહિ તે જાણવા બ્રેથ એનલાઈઝર મશીન પણ આપવામાં આવ્યા છે પરંતુ ''આરંભે સુરા''ની માફક હવે બ્રેથ એનલાઈઝર મશીનો પણ ધૂળ ખાઈ રહ્યા હોય તેવી સ્થિતી પ્રવર્તી રહી છે. દાહોદથી ડીસા તરફ જતી બસ માલપુર નજીક પહોંચતા ચાલક જાણે મુસાફરોના જીવ સાથે રમત રમી રહ્યો હોય તેમ સર્પાકાર હંકારી ટ્રકને અથડાવી અકસ્માત સર્જ્યો હતો. બસ ડ્રાઈવર નશામાં હોવાનો આક્ષેપ મુસાફરોએ કર્યો હતો. અકસ્માતની ઘટના પછી જાણે કઈ ન બન્યું હોય તેમ ડ્રાઈવર એસટી કેન્ટીનમાં મીઠાઈ ખાઈ રહ્યો હોવાના દ્રશ્યો કેમેરામાં કેદ થયા હતા.

દાહોદથી ડીસા તરફ જતી બસ (ગાડી.નં. જીજે.૧૮.ઝેડ.૬૧૦૦)ના ચાલકે બસ બેફામ ગતિએ અને બસ હાલક ડોલક રોલાતા બસમાં મુસાફરી કરી રહેલા ૧૪ મુસાફરોના જીવ તળિયે ચોંટ્યા હતા. દાહોદ ડીસા બસના ચાલકે માલપુર બસ સ્ટેન્ડ પાસે ટ્રકને અથડાવી દેતા ટ્રક ચાલકે જોરદાર બ્રેક મારતા ગમખ્વાર અકસ્માતની




ઘટના સહેજ માટે બચી હતી, બસે ટ્રકને ટક્કર મારતા આગળનો કાચ તૂટી રોડ પર ખરી પડ્યો હતો, એસટી બસનો ચાલક નશામય હાલતમાં હોવાનો અકસ્માત સ્થળે ઉપસ્થીત લોકો અને મુસાફરોએ આક્ષેપ કરાતા માલપુર ડેપો પરના અધિકારીએ માલપુર પોલીસને જાણ કરતા તાબડતોડ માલપુર પોલીસ ઘટનાસ્થળે પહોંચી ડ્રાઈવરને સરકારી ગાડીમાં બેસાડી મેડિકલ તપાસ માટે લઈ જવામાં આવ્યો હતો.

ગુજરાતમાં દારૂ બંધી છે, પરંતુ જેને દારૂ પીવો હોય તે ગમે ત્યારે પી શકે છે અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના એસટી ડેપોના શૌચાલયમાં અને આજુબાજુના વિસ્તારોમાં વિદેશી દારૂ, બીયરના ટીન અને દેશી દારૂની કોથળીયો પડી હોવાની અનેક બૂમો સમય અંતરે ઉઠી છે. થોડા વર્ષ અગાઉ મોડાસાના એસટી ડેપોમાં રાત્રીના સુમારે દારૂની મહેફિલ જામતી હોવાથી એસટી ડેપોના ધાબા પરથી વિદેશી દારૂની ખાલી બોટલ અને બીયરના ટીન મળી આવ્યા હતા.